### અસામાજિક તત્વો દ્વારા શાંતિ ડહોળવાનો પ્રયાસ,વીડિયો વાયરલ

# શહેરમાં માતાજીની આગમન યાત્રા દરમિયાન વધુ એક છુટા હાથની મારામારીની ઘટના બની

### ધાર્મિક આયોજનમાં ખલેલ પાડનારા ઉપદ્રવીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.8
વડોદરા શહેરમાં ભક્તિ અને શ્રદ્ધાના પર્વ વચ્ચે શરમજનક દ્રશ્યો સામે આવ્યા છે. દશા માતાજીની આગમન યાત્રા દરમિયાન કેટલાક અસામાજિક તત્વો દ્વારા છૂટા હાથની મારામારી કરીને યાત્રાની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર શહેરના ઠેકરના સાર્વજનિક યુવક મંડળની માતાજીની આગમન યાત્રા શાંતિપૂર્ણ રીતે આગળ વધી રહી હતી તે દરમિયાન અચાનક કેટલાક તત્વો ઉશ્કેરાઈને ઝઘડા પર ઉતરી આવ્યા હતા. સમગ્ર ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ધાર્મિક આયોજનોમાં આ પ્રકારે અડચણો ઊભી કરતા અને માહોલ બગાડતા ઉપદ્રવીઓ સામે હવે સ્થાનિક પોલીસ દ્વારા કાયદાનું કડક ભાન કરાવવામાં આવે તેવી પ્રબળ માંગ લોકો અને આયોજકો દ્વારા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વિડીયોના આધારે પોલીસે ઘટનાની નોંધ લઈ આરોપીઓને ઓળખવાની કાર્યવાહી શરૂ કરી છે. પોલીસનું કહેવું છે કે દોષિતો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



#### વડોદરા ઠેકરનાથ રોડ પર દશામાની આગમન યાત્રામાં ડીજેની હરીફાઈ

વડોદરાના ઠેકરનાથ રોડ પર દશામાની આગમન યાત્રા દરમિયાન ભક્તિના બદલે ડીજેની સ્પર્ધાના દ્રશ્યો જોવા મળ્યા હતા. ભક્તિને બદલે સ્પર્ધા થતા કાન ફાડી નાખે તેવા અવાજથી લોકો પરેશાન થયા હતા.જાણકારી મુજબ થોડા-થોડા અંતરે નજીકમાં જ બે માતાજીની પ્રતિમાઓની સ્થાપના થાય છે. આ દરમિયાન બંને સ્થળે લગાવેલા બે ડીજે વચ્ચે દેખાદેખીનો ખેલ શરૂ થયો હતો. જાહેર માર્ગ પર ખૂબ મોટા અવાજે બંને ડીજે દ્વારા હરીફાઈ કરવામાં આવી હતી.

### કાર, મોબાઈલ, રોકડ સહિત રૂ.૧૬.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત

# કાલોલ-હાલોલ રોડ પર ૬.૩૦૭ કિલો ગાંજા સાથે ત્રણ આરોપી ઝડપાયા

**ANTFની ટીમે** દરોડો પાડયો, એક પોલીસને ચકમો આપી ફરાર થઇ ગયો

(પ્રતિનિધિ) તા.8 વડોદરા
ગેરકાયદેસર માદક પદાર્થોની હેરાફેરી અને વેચાણ સામે વડોદરા ઝોનની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (એએનટીએફ) દ્વારા કાલોલથી હાલોલ તરફ જતા એમ.જી.એસ. સ્કૂલ ગરનાળા નજીક કારમાથી 6.307 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા સહિત કાર, મોબાઈલ, રોકડ અને અન્ય સામગ્રી મળી કુલ રૂ.16.44 લાખનો મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપીને વોન્ટેડ જાહેર કર્યો હતો. એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (એએનટીએફ)ના પીઆઈ ડી.જે. રાણા સહીતની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે કેટલાક શખસો ગાંજાનો જથ્થો લઈને કાલોલ-હાલોલ રોડ પરથી પસાર થવાના છે. બાતમીના આધારે પોલીસે એમ.જી.એસ. સ્કૂલ ગરનાળા નજીક ટ્રાફિક પોલીસ ચોકી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન શંકાસ્પદ કાર આવતા તેને અટકાવી તેની તપાસ કરતા રૂ.3,15,350 લાખનો તેમાં 6.307



કિલો સૂકો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજા કાર રોકડર રૂ.16.44લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે હાલોલના અફઝલ અસલમ કુરેશી, રવિ નારણ દંતાણી અને પઠાણ નમીદખાન સબ્બીરખાન પઠાણને ઝડપી પાડ્યા હતા. જ્યારે સતીષ નિનામા નામનો આરોપી ફરાર જાહેર કરાયો છે. ગાંજાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### વડોદરામાં મેડિકલ ઇમરજન્સીના કારણે સર્જાયો ગંભીર અકસ્માત

# ગોત્રીમાં ચાલુ કારે ચાલકને ખેંચ આવતા કાર ઝાડ અને વીજ થાંભલા સાથે અથડાઈ

**કારનો આગળનો** ભાગ સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત, સદનસીબે મોટી જાનહાની ટળી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
શહેરના ગોત્રી વિસ્તારમાં આજે એક ગંભીર અકસ્માત સર્જાતા સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની વિગત મુજબ, ગોત્રી યશ કોમ્પ્લેક્સથી વુડા તરફ જવાના માર્ગ પર એક કાર ચાલક પોતાની ગાડી હંકારીને જઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ કાર ચાલકને ખેંચ આવતા તેમણે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે, બેકાબૂ બનેલી કાર ધડાકાભેર માર્ગની બાજુમાં આવેલા એક ઘટાદાર લીમડાના વૃક્ષ સાથે અથડાઈ હતી અને ત્યારબાદ ત્યાં આવેલા MGVCL ના સ્ટ્રીટ લાઈટના



થાંભલાને તોડી પાડીને થંભી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે. બનાવની જાણ થતા જ આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે, અકસ્માત સમયે માર્ગ પર અન્ય કોઈ રાહદારી કે વાહનચાલક ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કાર ચાલકને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમના સ્ટાફના જણાવ્યા મુજબ, તેમને અચાનક મેડિકલ ઈશ્યુ થવાના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિક કોર્પોરેટર શ્રીરંગ રાજેશ આયર અને દક્ષિતાબેન રાય ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે તાત્કાલિક તંત્રને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગ દ્વારા માર્ગ પર ધરાશાયી થયેલા વૃક્ષને કાપીને દૂર કરવામાં આવ્યું હતું, જેથી વાહન વ્યવહાર ફરીથી શરૂ થઈ શકે. આ સાથે જ, સ્ટ્રીટ લાઈટના પોલને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે એમ.જી.વી.સી.એલ. ની ટીમે તાત્કાલિક વીજ પુરવઠો બંધ કરીને જરૂરી તકેદારી રાખી હતી.

### સપ્લાયર સહિત બે આરોપી વોન્ટેડ

# વડસર બ્રિજ પાસેથી દારૂ સાથે ગોરવાનો શખ્સ ઝબ્બે

(પ્રતિનિધિ) વડોદરા તા.8
વડોદરામાં ગેરકાયદે દારૂની હેરાફેરી કરતા તત્વો સામે PCBની ટીમે વધુ એક સફળ કાર્યવાહી કરી છે. વડસર રોડ પર વિશ્વામિત્રી નદીના બ્રિજ નજીક કારમાં છુપાવીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે કારમાંથી 912 બોટલ દારૂ ઝડપી પાડી એક શખસની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો સપ્લાય કરનાર સહિત બે શખસોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. તહેવારોને ધ્યાનમાં રાખીને પીસીબી ની ટીમ પેટ્રોલનો હતી તે દરમિયાન બાતમી મળી હતી કે વડસર રોડ પરથી બોલવાનો દારૂ ભરેલી કાર લઈને પસાર થવાનો છે જેથી પીસીબી દ્વારા અંબિકા કાર્સ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. શંકાસ્પદ કાર આવતા તેને ઉભી રખાવી તપાસ કરતા તેમાંથી દારૂની 912 બોટલ મળી આવી હતી. પોલીસે મૂળ કેરળના અને



હાલ ગોરવા વિસ્તારમાં રહેતા સ્મીજીથ ગોપાલ (નાયર) ને ઝડપી પાડ્યો હતો. ઉપરાંત રૂ.1.89 લાખનો દારૂ, રોકડા, ત્રણ મોબાઈલ ફોન અને અંદાજે રૂ.5 લાખની કાર મળી રૂ.7 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. પોલીસની પૂછપરછમાં દારૂનો જથ્થો ઓમપ્રકાશ શખસે ભરી આપ્યો હોવાનું બહાર આવ્યું છે. ગોરવા વિસ્તારમાં રહેતા અનિલકુમાર ઉર્ફે અન્ની ગંગાપ્રસાદ યાદવની પણ સંડોવણી હોવાનું સામે આવતા બંનેને વોન્ટેડ જાહેર કરાયો છે.

### વાહનમાં નવા ભાડા પત્રક પ્રદર્શિત કરવા અનુરોધ કરાયો

# રિક્ષાના નવા ભાડા અમલમાં, વડોદરાના ચાલકોએ સરકારના નિર્ણયને વધાવ્યો

**રાત્રે 50% સર્જ ચાર્જની** જોગવાઈ, ચાલકોનું ઓનલાઈન કંપનીઓ સામે વિરોધ

(પ્રતિનિધિ) વડોદરા તા.8
ગુજરાત સરકારના પોર્ટ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નવા દર મુજબ રાજ્યભરમાં ઓટોરિક્ષાના ભાડામાં સત્તાવાર સુધારો અમલમાં આવી ગયો છે. નવા ભાડાદરની ઘોષણા થતા જ વડોદરા રેલવે સ્ટેશન બહાર ઓટો રિક્ષા સ્ટેન્ડ ખાતે ચાલકો એકત્ર થયા હતા. ઓટો રીક્ષા ચાલક યુનિયન આગેવાનો સાથે મળીને ચાલકોએ સરકારના નિર્ણયને વધાવ્યો હતો અને એકબીજાને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરી હતી. નવા ભાડાદર મુજબ શહેરી વિસ્તારમાં પ્રથમ 1.2 કિલોમીટર માટે લઘુત્તમ ભાડું 25 રૂપિયા, ત્યારબાદના દરેક 200 મીટર માટે 4 રૂપિયા અને રાત્રે 11 વાગ્યાથી સવારે 5 વાગ્યા સુધી 50 ટકા વધારાનો સર્જ ચાર્જ અને વેટિંગ ચાર્જની જોગવાઈ કરવામાં આવી છે. આ નિર્ણયને વધાવતા ગુજરાત સારથી સંઘના પ્રમુખ રાજવીર રૂપાધ્યાય, અમદાવાદ રીક્ષા ચાલક એસોસિએશન અને વડોદરા શહેર જિલ્લા રીક્ષા ચાલક યુનિયનના પ્રમુખ બિલાલ પરમારએ સરકારનો



આભાર માન્યો હતો. જોકે આ સાથે જ રીક્ષા ચાલકો દ્વારા ઓનલાઈન રિક્ષા સેવા આપતી કંપનીઓ સામે પણ વિરોધ નોંધાવવામાં આવ્યો. આગેવાનોએ સમય અનુસાર ભાડામાં યોગ્ય વધારો કરવા માંગ સાથે પ્રતીકાત્મક હવન કર્યો હતો. સાથે જ ઓનલાઈન એપ સાથે જોડાયેલા તમામ રીક્ષા ચાલકોને સંગઠનના હિતમાં એકતા જાળવીને ઓનલાઈન સેવા અસ્થાયી ધોરણે બંધ રાખવા અપીલ કરી છે. સંગઠનો દ્વારા તમામ ચાલકોને નવા ભાડાદરનો કડકાઈથી અમલ કરવા, મુસાફરો સાથે સદભાવના રાખવા અને વાહનમાં નવા ભાડા પત્રક પ્રદર્શિત કરવા અનુરોધ કરાયો છે.

### સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું

# ઈકો-થાર વચ્ચેના અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલા મોતને ભેટી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
આજ રોજ વહેલી સવારે વાસદ બ્રિજ ઉપર પૂરપાટ ઝડપે દોડતી ઈકો કાર અને થાર ગાડી વચ્ચે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અંદાજે ૩૦ વર્ષીય એક અજાણી મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સવારે આશરે ૫:૧૫ વાગ્યાના અરસામાં વાસદ બ્રિજ પર ઈકો અને થાર ગાડી સામસામે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો કારમાં સવાર ૩૦ વર્ષીય મહિલાને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. ઘટનાને પગલે આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત મહિલાને પ્રાથમિક સારવાર માટે વાસદથી વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવી હતી. વડોદરા સયાજી હોસ્પિટલના સર્જરી EF યુનિટમાં ડોક્ટરોની ટીમ દ્વારા ગંભીર ઈજાગ્રસ્ત મહિલાને બચાવવા માટે સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી, પરંતુ કમનસીબે સારવાર દરમિયાન જ આ મહિલાનું મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ વાસદ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે અને બાદમાં હોસ્પિટલ દોડી આવ્યો હતો. મૃતક મહિલાની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. આ મહિલા કોણ છે, ક્યાંની રહેવાસી છે અને અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો હતો તે અંગે વાસદ પોલીસે ગુનો નોંધીને આસપાસના સીસીટીવી ફૂટેજ અને વાહન નંબરોના આધારે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. મહિલાના વારસદારોની શોધખોળ માટે પોલીસ દ્વારા આસપાસના પોલીસ સ્ટેશનોમાં પણ મેસેજ વહેતો કરવામાં આવ્યો છે.

# MSU ક્રિકેટ ટીમની પસંદગી ટ્રાયલ 18થી ૨૧ ઓગસ્ટે યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.8
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)ની ક્રિકેટ ટીમ માટે 18થી 21 ઓગસ્ટ દરમિયાન ડી.એન. હોલ ગ્રાઉન્ડ ખાતે પસંદગી ટ્રાયલ યોજાશે. 17થી 25 વર્ષની વયના યુનિવર્સિટીના તમામ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. સ્પોર્ટ્સ વિભાગે આ અંગે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી કોઓર્ડિનેટરોને જાણ કરી છે.

ચાર દિવસીય ટ્રાયલ બાદ 60થી 70 સંભવિત ખેલાડીઓની પસંદગી કરાશે. તેમને વિશેષ ટ્રેનિંગ અને ફિટનેસ કોચિંગ આપવામાં આવશે. ત્યારબાદ સપ્ટેમ્બરમાં અંતિમ 16 ખેલાડીઓની યુનિવર્સિટી ટીમ જાહેર થશે. બરોડા ક્રિકેટ એસોસિયેશન સાથેના કરાર હેઠળ હેડ કોચ અને સ્ટ્રેન્થ-કન્ડિશનિંગ કોચ ખેલાડીઓને પ્રોફેશનલ તાલીમ આપશે. ગત વર્ષે MSUની ટીમે 21 વર્ષ બાદ વેસ્ટ ઝોન સ્પર્ધામાં ક્વોલિફાય થઈ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચીને નોંધપાત્ર સિદ્ધિ મેળવી હતી.

### કાંગરા ખરતાં રહીશોમાં ભારે દહેશત

# ફતેપુરામાં ત્રણ માળનું જર્જરિત મકાન ધરાશાયી થવાની અણીએ

**પીતાંબર પોળમાં** ભયજનક મકાન પરથી ગાર-પ્લાસ્ટર ખરવા લાગતાં દોડધામ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
શહેરના ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તાર અને ફતેપુરા ચાર રસ્તા નજીક આવેલી પીતાંબર પોળમાં આજે એક મોટી દુર્ઘટના બનતા અટકી હતી. પોળમાં આવેલું એક ત્રણ માળનું અત્યંત જૂનું અને જર્જરિત મકાન અચાનક ધરાશાયી થવાની અણી પર પહોંચી જતાં સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મકાનના ઉપરના ભાગેથી કાંગરા અને પ્લાસ્ટરના પોપડા નીચે માર્ગ પર ખરવા લાગતાં આસપાસના લોકો જીવ બચાવવા ભાગદોડ કરવા લાગ્યા હતા. સ્થાનિકો પાસેથી મળતી વિગતો મુજબ, પીતાંબર પોળ સ્થિત આ ત્રણ માળનું મકાન લાંબા સમયથી બિનવપરાશયુક્ત



અને ભયજનક હાલતમાં હતું. વરસાદી ઋતુ અને સતત ભેજના કારણે મકાનનું માળખું વધુ નબળું પડી ગયું હતું. આજે અચાનક મકાનના ઉપરના ભાગેથી સિમેન્ટ અને ઈંટોના કાંગરા ધડાકાભેર નીચે રોડ પર પડવા લાગ્યા હતા. આ ઘટનાને પગલે આસપાસના રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ તથા પાડોશીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ સ્થાનિક રહીશો એ તાત્કાલિક વડોદરા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. કંટ્રોલ રૂમ તરફથી કોલ મળતાં જ ફાયર બ્રિગેડનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર ફાયટરોએ ત્વરિત કામગીરી હાથ ધરીને મકાન આસપાસનો સમગ્ર વિસ્તાર સુરક્ષિત કર્યો હતો અને સામાન્ય નાગરિકોની અવરજવર બંધ કરવા માટે બેરીકેટીંગ લગાવી દીધું હતું, જેથી કોઈ જાનહાનિ ન થાય. ફાયર બ્રિગેડના અધિકારીઓએ પ્રાથમિક તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે આ મકાનમાં હાલ કોઈ રહેતું નહોતું અને તે સંપૂર્ણપણે ખાલી હતું. મકાન ખાલી હોવાના કારણે અને કાંગરા ખરતી વખતે નીચે કોઈ વાહન કે વ્યક્તિ હાજર ન હોવાથી એક મોટી હોનારત ટળી ગઈ હતી.

### ૧૦૮ની સમયસૂચકતાથી યુવકનો જીવ બચ્યો

# અકોટામાં ફોર્ચ્યુન હોટલ પાસે યુવકે ગળા પર બ્લેડ મારી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
શહેરના અકોટા વિસ્તારમાં આજરોજ સવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ૩૬ વર્ષીય યુવકે અચાનક પોતાના જ ગળા પર બ્લેડ મારીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સદનસીબે સમયસર સારવાર મળી જવાથી યુવકનો જીવ બચી ગયો છે અને હાલ તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, લલિત સતુર્જન સહાની ઉંમર વર્ષ ૩૬, રહે. બ્લોક નંબર ૩, રૂમ નંબર ૮, પંચમુખી વુડા મકાન, વાસણા ભાયલી રોડ. નામના યુવકે આજરોજ સવારે અંદાજે ૬:૪૫ વાગ્યાના સુમારે અકોટા વિસ્તારમાં આવેલી તાજ હોટલની સામે અને ફોર્ચ્યુન હોટલના ગેટ પાસે આત્યંતિક પગલું ભર્યું હતું. તેણે અચાનક પોતાની પાસે રહેલી બ્લેડ વડે પોતાના ગળાના ભાગે જાતે જ ઘા મારી દીધા હતા, જેને કારણે ત્યાં લોહીલુહાણ હાલતમાં ફસાઈ ગયો હતો. સવારે વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે આસપાસના રાહદારીઓ અને સ્થાનિક લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ની ટીમ દ્વારા યુવકને ત્વરિત પ્રાથમિક સારવાર આપીને શહેરની સરકારી સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ લલિત સહાનીની સારવાર ચાલી રહી છે અને તે ભાનમાં છે. ઘટનાની જાણ થતાં જ જે.પી. રોડ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક હોસ્પિટલ અને ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં યુવકે કયા કારણોસર અને કયા માનસિક તણાવ હેઠળ પોતાના ગળા પર બ્લેડ મારીને આ જાનલેવા પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

### સયાજી હોસ્પિટલમાં ઓપીડીમાં દૈનિક ૨૨૦૦ દર્દીઓની ઓપીડી

# શહેરમાં ચોમાસા સાથે પાણીજન્ય રોગચાળો ફાટ્યો, હોસ્પિટલોમાં દર્દીઓનો ધસારો

**નાગરિકોને** ઉકાળેલું પાણી પીવા અને સ્વચ્છતા જાળવવા ખાસ અનુરોધ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૮
વડોદરા શહેરમાં ચોમાસાના આગમન સાથે જ વાતાવરણમાં પલટો આવ્યો છે. ઋતુ પરિવર્તનને પગલે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાનું જોખમ વધ્યું છે. હોસ્પિટલના આંકડાઓ મુજબ, હાલમાં ઓપીડીમાં દૈનિક ૨,૦૦૦ થી ૨,૨૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. જેમાં ખાસ કરીને ઝાડા-ઉલટીના કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. તબીબી નિષ્ણાતોએ સાવચેતી રાખવા માટે નાગરિકોને એલર્ટ મોડ પર રહેવા અનુરોધ કર્યો છે. સયાજી હોસ્પિટલના RMO ડૉ હિતેન્દ્ર



ચૌહાણ એ જણાવ્યું હતું કે ચોમાસામાં ગંદા પાણીના ભરાવા અને તેના લીધે ફેલાતા રોગોને લઈને તબીબો ચિંતિત છે. જોકે હાલમાં ડેન્ગ્યુ કે મેલેરિયાના ગંભીર કેસો વધુ સામે આવ્યા નથી, પરંતુ સાવચેતી એ જ બચાવ છે તેમ ડોક્ટરોનું માનવું છે. પાણીજન્ય રોગોથી બચવા માટે ઘરગથ્થુ સ્તરે પાણીને ઉકાળીને પીવું એ સૌથી અસરકારક ઉપાય છે. પાણી ઉકાળવાથી તેમાં રહેલા હાનિકારક જંતુઓનો નાશ થાય છે. જો શક્ય હોય, તો દરેક ઘરમાં RO ફિલ્ટરનો ઉપયોગ કરવો જોઈએ, જેથી શુદ્ધ પીવાનું પાણી મળી રહે અને બીમારીઓથી બચી શકાય. માત્ર પાણી શુદ્ધ રાખવું પૂરતું નથી, પરંતુ આસપાસની સ્વચ્છતા જાળવવી પણ એટલી જ અનિવાર્ય છે. તબીબોએ અપીલ કરી છે કે નાગરિકોએ તેમના ઘરની આસપાસ પાણી ભરાવા ન દેવું જોઈએ અને ગંદા પાણીનો યોગ્ય નિકાલ કરવો જોઈએ.

# તરસાલી ફ્લેટમાંથી ૪ કિલોથી વધુ પોષડોડા સાથે બે ઝડપાયા

**એસઓજીએ** પોસડોડા સહિત રૂ.70 હજારથી વધુનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા.8
વડોદરા શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદે ખરીદ-વેચાણ અને હેરાફેરી સામે એસઓજી દ્વારા હાથ ધરાયેલી કાર્યવાહીમાં તરસાલી વિસ્તારમાંથી પોષડોડાના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસે બંને પાસેથી 4 કિલો 009 ગ્રામ પોષડોડા સહિત રૂ.70,135નો મુદ્દામાલ કબજે કર્યો છે.

એસઓજીની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ જયેન્દ્રસિંહ ભીમસિંહને બાતમી મળી હતી કે, પ્રથમ પેરેડાઈઝ પાસે આવેલા શ્રી હરી એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં અનોપ બિસ્નોઇ અને તેનો સાળો મનોહર બિસ્નોઇ પોષડોડાનો જથ્થો લાવીને સંતાડી રાખ્યો છે. બાતમીના આધારે ટીમે એનડીપીએસ એક્ટની જોગવાઈ મુજબ ફ્લેટમાં દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન ફ્લેટમાંથી અનોપકુમાર મોહનલાલ બિસ્નોઇ અને મનોહરલાલ ઉકારામ બિસ્નોઇ મળી આવ્યા હતા. મકાનની તલાશી લેતા 4 કિલો 009 ગ્રામ પોષડોડો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.60,135 હોવાનું સામે આવ્યું હતું. પોલીસે બે મોબાઇલ ફોન રૂ.10 હજાર સહિત રૂ.70,135નો મુદ્દામાલ કબજે કર્યો હતો. મંદસૌરથી જથ્થો લાવ્યા બાદ મકાનમાં સંતાડ્યો હતો

પોલીસ તપાસમાં બંને આરોપીઓ તા.5 ઓગસ્ટે રેલવે મારફતે મંદસૌર ગયા હતા અને ત્યાંથી વગર પાસ-પરમિટે પોષડોડાનો જથ્થો ખરીદી તા.7 ઓગસ્ટે વડોદરા પરત આવ્યા હોવાનું બહાર આવ્યું છે. ગ્રાહકોને છૂટકમાં વેચાણ કરવા માટે જથ્થો ફ્લેટમાં સંતાડી રાખ્યો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. આ મામલે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે અનોપકુમાર બિસ્નોઇ અને મનોહરલાલ બિસ્નોઇની ધરપકડ કરી છે, જ્યારે મંદસૌરનો ગોવિંદ નામનો શખ્સ ફરાર જાહેર કર્યો છે.

### સામાજિક કાર્યકરે ભુવાનું પૂજન કરી તંત્ર સામે નોંધાવ્યો અનોખો વિરોધ

# કરોડીયા માર્ગ પર દ્વારકેશ સોસાયટી નજીક સાત ફૂટ ઊંડો ભુવો પડ્યો

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરામાં ચોમાસા દરમિયાન રસ્તાઓની બિસ્માર હાલત અને ભુવા પડવાની સિલસિલાબદ્ધ ઘટનાઓ વચ્ચે વધુ એક ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના વોર્ડ નંબર ૮ માં આવેલા અતિ વ્યસ્ત એવા વૃંદાવન ચાર રસ્તાથી કરોડીયા માર્ગ પર દ્વારકેશ સોસાયટી પાસે શુક્રવારે સવારે મુખ્ય રસ્તાની વચ્ચોવચ અચાનક ૬ થી ૭ ફૂટ જેટલો ઊંડો અને ભયાનક ભુવો પડી ગયો હતો. ભરચક ટ્રાફિક ધરાવતા મુખ્ય માર્ગ પર જ મોટો ભુવો પડી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક રહીશો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તંત્રની કોઈ ટીમ સ્થળ પર પહોંચે તે પહેલાં કોઈ અજાણ્યો વાહનચાલક



કે રાહદારી આ ઊંડા ભુવામાં ખાબકે નહીં અને મોટી દુર્ઘટના ન સર્જાય તે માટે સ્થાનિકોએ સ્વયં સૂઝબૂઝ દર્શાવી સાવચેતીના પગલાં લીધા હતા. સ્થાનિક રહીશોએ નજીકમાંથી વૃક્ષની ઊભી ડાળીઓ લાવીને ભુવાની અંદર અને આસપાસ ગોઠવી આડશ ઊભી કરી હતી, જેથી દૂરથી આવતા વાહનચાલકોને ભયજનક ભુવાની જાણ થાય અને તેઓ પોતાના વાહનો ધીમા પાડી સુરક્ષિત રીતે પસાર થઈ શકે. વડોદરા મહાનગરપાલિકાના પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ અને ભ્રષ્ટ નીતિ-રીતિઓ સામે વિરોધ દર્શાવવા સામાજિક કાર્યકર શબ્બીર ચૌહાણે સ્થળ પર પહોંચી એક અનોખો અને અનોખો વિરોધ પ્રદર્શન યોજ્યો હતો. તેમણે પડેલા ભુવા પાસે નાળિયેર ફોડી, અગરબત્તી સળગાવી અને વિધિવત રીતે ભુવાનું પૂજન કર્યું હતું. શબ્બીર ચૌહાણે આ અનોખા વિરોધ દ્વારા પાલિકાના સત્તાધીશો અને એન્જિનિયરોને સદબુદ્ધિ મળે તથા વડોદરાના માર્ગોની ગુણવત્તામાં સુધારો થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે સામાજિક કાર્યકરે પાલિકા તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતું કે, શહેરમાં માત્ર કાગળ પર જ પ્રી-મોન્સૂન અને રોડ-રસ્તાના સમારકામની કામગીરી દર્શાવવામાં આવે છે.